# Phone call between Prime Minister Shri Narendra Modi and His Excellency Abdel Fattah Al-Sisi, President of Egypt

May 26, 2020

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ઇજીપ્તનાં રાષ્ટ્રપતિ મહામહિમ અબ્દેલ ફત્તાહ એલ-સિસિ વચ્ચે ફોન પર વાતચીત

મે 26, 2020

આજની ટેલીફોન પરની વાતચીતમાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઇજીપ્તનાં રાષ્ટ્રપરતિ મહામહિમ અબ્દેલ ફત્તાહ અલ-સિસિ તેમજ ઈજીપ્તનાં લોકોને ઇદ-અલ-ફિત્રની શુભકામનાઓ પાઠવી હતી.

શુભકામનાઓનું અભિવાદન કરતા, ઈજીપ્તનાં રાષ્ટ્રપતિએ ઈજીપ્ત અને ભારતને વિશ્વમાં સૌથી પ્રાચિન સભ્યતાઓ તરીકે સંદર્ભિત કરી હતી, અને ઝડપથી વિસ્તરી રહેલા દ્વિપક્ષીય સંબંધ અંગે ખુશી વ્યક્ત કરી હતી.

વડાપ્રધાને કોવિડ-19 કટોકટી દરમિયાન ઈજીપ્તમાં ભારતીય નાગરિકોની સુરક્ષા અને સુખાકારી માટે ઈજીપ્તની સત્તાધિકારીતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સહાયતા બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી..

આ વર્ષે અગાઉ આયોજીત કરેલી અને કોવિડ-19 મહામારીનાં કારણે મુલતવી રાખવામાં આવેલી પોતાની ઈજીપ્તની મુલાકાતનો સંદર્ભ લેતા, વડાપ્રધાને સંજોગો સાનુકૂળ બનતાની સાથે જ રાષ્ટ્રપતિ સિસિને મળવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

**નવી દિલ્હી**
**મે 26, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.